## આંક-૨૩ લગત હુકમ

હાલની અરજી આરોપી નંબર-૦૧ તર્ફે આપવામાં આવેલ છે. અરજી ની વિગતો જોવામાં આવે તો આરોપી જણાવે છે કે સદર કામે કોસંબા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. : ૧૦૦/૨૦૦૬ ના કામે ઈ.પી.કો. કલમ ૪૬૫,૪૬૬,૪૬૭,૪૭૧,૪૨૦,૧૯૨ તથા ૧૧૪ મુજબ ગુન્હો નોંધી તપાસ કરી તે તપાસના કાગળો નામદાર કોર્ટમાં રજુ રાખેલ છે. સદરહું કામે તપાસ કરનાર અમલદારે કુલ્લે-૧૦ કાગળો કબજે લઈ સાહેદોના નિવેદનો લીધા છે એવું જણાય છે.સદર કામે તપાસ કરનાર અમલદારે ઈ.પી.કો. કલમ-૪૬૫ હેઠળ ગુન્હો દાખલ કરેલ છે. સદરહું કલમ મુજબનું તહોમત તેઓ આરોપી ઉપર થોપી દેવામા આવ્યું છે. સદરહું તહોમત મુજબનો કોઈ ગુન્હો તેઓ આરોપીએ આચરેલો હોય તેવું પ્રાથમીક રીતે જણાતું નથી. કલમ- ૪૬૫ ની વ્યાખ્યા એવી છે કે જો કોઈ વ્યકિત ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે તો તેની ઉપર ઈ.પી.કો. કલમ-૪૬૫ નો તહોમત લાગી શકે અને તેના તત્વો એવા છે કે આરોપીએ કોઈ દસ્તાવેજ અપ્રમાણીકપણે અથવા કપટપૂર્વક કોઈ વ્યકિત અથવા જનસમુદાય ને આર્થિક, શારીરીક, માનસીક નુકસાન કરવા હાનિ કરવા પોતે કરેલા દરદાવાને સમર્થન આપવાના ઈરાદાથી ખોટો કરેલો હોવો જોઈએ તથા આરોપીએ આવો દસ્તાવેજ સહી કરીને અથવા સીકકા-મોહર મારીને અથવા તેવી મોહર હોવાનું માનવા પ્રેરાય તેવા ભાગ ઉપર સહી કરીને કર્યો હોવો જોઈએ તથા આવો દસ્તાવેજ ઈ.પી.કો. કલમ-૪૬૪ માં દર્શાવેલા બનાવટી ખોટા દસ્તાવેજના પ્રકારો પૈકી કોઈ માં પડતો હોવો જોઈએ. કલમ-૪૬૪ ની વ્યાખ્યા જોઈએ તો કોઈ પણ દસ્તાવેજ અથવા કોઈ પણ નો કોઈ ભાગ ઈલેકટ્રોનીક રેકર્ડ અથવા ડીજીટલ સહી જે વ્યક્તિએ અથવા તે વ્યકિતઓના અધીકારથી ગ્રાહ્ય નથી તેના ઉપર સહી કરી નથી અથવા ડીજીટલ

સહી કરી નથી એવુ પોતે જાણતી હોય તે વ્યકિતએ અથવા તે વ્યકિતના અધીકારથી તે બનાવ્યો છે તેના ઉપર સહી કરી છે તેના ઉપર સીકકો કર્યો છે કે કરી આપ્યો છે અથવા ચોટાડી હતી એમ માનવાના ઈરાદાથી બદદાનતથી અથવા કપટપૂર્વક તે દસ્તાવેજ અથવા દસ્તાવેજનો ભાગ બનાવે તેમા સહી કરે તેના ઉપર સીકકો મારે અથવા તે કરી આપે તેમજ કોઈ ઈલેકટ્રોનીક રેકર્ડ અથવા ઈલેકટ્રોનીક રેકર્ડના કોઈ પણ ભાગ બનાવે અથવા મોકલે કે કોઈ પણ હેસીયત થી રાખતા હોય તેવા રજીસ્ટર ની અથવા કોઈ રાજય સેવકે પોતાના હોદ્દાની રૂએ કરેલ હોવાનું અભિપ્રેરિત હોય તેવા દસ્તાવેજ અથવા દસ્તાવેજ ની અથવા તો કોઈ દાવો માંડવા કે કોઈ દાવા માં બચાવ કરવા કે તેમાં કોઈ કાર્યવાહી કરવા કે ફેસલા સ્વીકારી લેવાના અધિકાર અથવા મુખત્યારનામાની ખોટી બનાવટ કરવાનો ગુનો એ કલમ–૪૬૬ માં લાગુ પડે, જયારે હાલ ના કિસ્સા માં હાલના આરોપીએ આક્ષેપિત હાલના પ્રકારનો કોઈપણ પ્રકારનો કોઈ ગુનો કર્યો હોય તેવુ જણાતુ નથી અને તપાસ કરનાર અમલદારે તે બાબતે આપ નામદાર સમક્ષ કોઈપણ પ્રકારનો કોઈ અહેવાલ પાઠવ્યો હોય તેવુ પણ રજુ થયેલા દસ્તાવેજો કે ચાર્જશીટ પર થી ફલીત થતુ નથી અને તે હકીકતે ગુનાનુ કોગ્નીઝન લઈ શકાતુ નથી તેમજ આવા પ્રકારનો ગુનો નામદાર અદાલત સમક્ષ કોડ ની કલમ–૧૯૫ અન્વયે જાહેર થયેલો હોવો જોઈએ.તેમજ જણાવે છે કે હાલના કિસ્સા માં હાલના આરોપીએ પોતાની માલિકી નો સદરહું નેટવર્ક નો હિસ્સો વેચાણ આપેલ છે.આ કામે એક નોંધનીય બાબત એવી છે કે હાલના ફરીયાદી તથા અન્ય આરોપીઓ વચ્ચે દિવાની તકરારો પણ થઈ છે. જે નામદાર માંગરોળ ના સિવીલ જજ સાહેબ ની કોર્ટ માં રે.દિ.મુ. નં. ૪૨/૨૦૦૬ ને આધીન સિવીલ દાવો પણ થયેલ છે અને તેમાં સમાધાન પણ રજુ રાખવામાં આવેલ છે. આમ સિવીલ તકરારો ને ફરીયાદી એ પોતાના અંગત હિત માટે પોલીસ ને ગેરમાર્ગે દોરી પોતાની વગ નો ઉપયોગ કરી ગુનો દાખલ કરાવડાવેલ છે. હકીકતે

કહેવાતો અને ઉભો કરાયેલો હાલનો ગુનો કયારેય બન્યો નથી, જેની ન્યાયીક નોંધ લેવા નમ્ર અરજ છે.તેમ જણાવી હાલની અરજી કરેલ છે.તેમજ જણાવે છે કે પોલીસ અધિકારીએ ૪૬૮ હેઠળ નો ગુનો પણ દાખલ કરી તેને આધીન ચાર્જશીટ કરેલ હોવાનું જાહેર કરેલ છે અને તે હકીકતે ૪૬૮,૪૭૧,૪૨૦ મુજબ પણ આરોપી વિરૂધ્ધ તહોમત ઘડી શકાય તેમ નથી જેની ન્યાયીક નોંધ લેવા નમ્ર અરજ છે. તપાસ કરનાર અમલદારે લગાવેલી કલમો ને સમર્થનકારક પુરાવા એકઠા કરવા જોઈએ અને તેવા પુરાવાઓ એકઠા કરી નામદાર કોર્ટ સમક્ષ સત્ય હકીકતો સામે આવે તે મતલબ ની વર્તણુક દાખવવી જોઈએ. તપાસ કરનાર અમલદાર એ ફરીયાદી નો પીઠ્ઠુ નથી કે ફરીયાદી એ કહ્યુ તે કરવુ જોઈએ. અમો તહોમતદારે અમારા કંટ્રોલ રૂમ નો ૨૦% હિસ્સો વેચેલ છે.આમ ઉપરોકત તમામ હકીકતે રજુ થયેલ દસ્તાવેજો ચકાસતાં હાલના આરોપી વિરૂધ્ધ કોઈપણ તહોમત ટકી શકે તેમ નથી આથી તેઓને બીન તોહમત છોડી મુકવા અરજ કરેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા હાલની અરજી વિરુદ્ધમાં આંક-૩૨ થી પોતાનો લેખિતમાં જવાબ રજૂ કરેલ છે. તેની વિગતો જોવામાં આવે તો તેઓ જણાવે છે કે સદર ગુનાનના કામે આરોપીઓ વિરૂધ્ધની ચાર્જશીટ વંચાણે લેતા આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ ૪૬૫,૪૬૬,૪૬૭,૪૬૮,૪૭૧,૪૨૦,૧૯૨,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.સદર ફરીયાદની હકીકત મુજબ ફરીયાદી દિનેશભાઇ ગોવિંદભાઇ પટેલનાઓએ તા.૨૪/૧૧/૨૦૦૫ થી તા.૦૧/૧૨/૨૦૦૫ દરમ્યાન મોજે તરસાડી ઝંડા ચોકમા આરોપી નં.૩ હર્ષાબેન અજીતભાઈ ઠક્કર પાસેથી એકતા વલ્ડ વિઝનના નામે કંટ્રોલ રૂમ ચલાવવા હથુરણ રોડ ઉપર પ્રોપર્ટી નંબર ૧૮૭૧/૨૦૧૧ વાળી જગ્યા સને ૧૯૯૯ મા કંટ્રોલરૂમ ચલાવવા સંમતિ પત્રક આપલ હોવાનું જાણવા છતા આરાપી કિરણસીહ ઉદયસીહ અટોદરીયાને ભાડાચીઠ્ઠીનો કરાર બનાવટી કરાર કરી આપી તથા આરોપી નં. ૪ હર્ષદભાઇ લક્ષમણભાઇ પટેલ એકતા વલ્ડ વિઝનનો માલીક ન હોવા

છતા જાણવા છતા આરોપી નં.૧ ઇમ્તિયાઝ કાદર મલેક તથા આરોપી નં.–૨. બાબુભાઇ અમરતભાઇ પ્રજાપતી પાસેથી બનાવટી વેચાણ કરાર કરી જે વેચાણ કરાર ભાડા ચીઠ્ઠીનો કરાર બનાવટી હોવાનુ જાણવા છતા આરોપી નં.૫ મોહનભાઇ ભવાનભાઇ પટેલનાઓ નોટરી એડવોકેટ હોય ભાડા કરાર નોંધણી નંબર–૯૫૫/૨૦૦૫ મા તા.૦૧/૧૨/૨૦૦૫ મા છેકછાક કરી તા.૦૧/૦૩/૨૦૦૫ કરેલ છે. તેમજ વેચાણ કરાર નોંધણી નં.૪૫૦૪/૨૦૦૫ તા.૨૫/૦૩/૨૦૦૫ થી નોંધણી કરેલ છે. બન્ને સ્ટેમ્પ રજી.નોંધણી ૧૬૦૯ તા.૧૫/૦૨/૨૦૦૫ ના હોવા છતા બન્ને સ્ટેમ્પ ઉપર અલગ અલગ તારીખનો ઉપયોગથી નોંધણી કરેલ છે. તેમજ વેચાણ કરાર રૂ.૫૦/–સ્ટેમ્પ ઉપર તા.૧૭/૦૬/૨૦૦૫ના રોજના કરેલ છે. દસ્તાવજો આધારીત કેસ હોય પુરાવા લેતી વખતે નામદાર કોર્ટ સમક્ષ દસ્તાવેજો રેકર્ડ પર આવશે ત્યારે દરેક આરોપીનો ગુનામા શું રોલ છે તે ફરીયાદ પક્ષ સારી રીતે પુરવાર કરી શકે તેમ જણાય આવે છે. જે સંજોગોમા આરોપીઓ તરફે રજુ થયેલ ડિસ્ચાર્જ અરજીઓ નામંજુર કરવી જોઇએ તેવું જણાવેલ છે.

આ કામે બંને પક્ષની વિગતવાર ની દલીલો સાંભળી હવે આ કામની ફરિયાદ જોવામાં આવે તો ફરિયાદી દિનેશભાઈ ગોવિંદભાઈ પટેલ જણાવે છે કે તેઓના ભાભી અને કુટવાલા ની વચ્ચે ભાગીદારી કરારથી એકતા વર્લ્ડ વિઝન ચાલુ કરવામાં આવેલું અને તેમાં ૬૫૦ જેટલા ગ્રાહકો હતા અને તેના મેનેજર તરીકે મનહર પ્રજાપતિ ની નિમણૂક કરવામાં આવેલી ત્યારબાદ મનહર પ્રજાપતિ ચાલી જતા તેઓના ભાભીએ તેઓને મુખત્યાર તરીકે નિમણૂક કરેલી અને તેઓ તથા કાદરભાઈ બંને સાથે મળીને એકતા વર્લ્ડ વિઝન નું સંચાલન કરતા હતા ત્યારબાદ તારીખ ૧૯/૦૬/૨૦૦૪ ના રોજ કાદરભાઈ એકતા વર્લ્ડ વિઝનમાંથી છુટા થયેલા અને તે વખતે જે કંટ્રોલ રૂમ કોસંબા ખાતે ચાલતો હતો તે પણ સાઈ વિઝનથી ચાલુ રાખવામાં આવેલું અને આ એકતા વર્લ્ડ વિઝનના ભાગીદાર એકલા જ

સ્મિતાબેન પટેલ હતા પરંતુ હર્ષદભાઈ પટેલ દ્વારા બાબુ અમરત પ્રજાપતિ એકતા વર્લ્ડ વિઝનના ભાગીદાર છે તેવું જણાવી તેઓનો કહેવાતો ૨૦% હિસ્સો હર્ષદભાઈ ને ટ્રાન્સફર કરવામાં આવેલ અને તે મુજબનું લખાણ કરવામાં આવેલ તેમજ ઈમ્તિયાઝભાઈ દ્વારા પણ તારીખ ૧૭/૦૬/૨૦૦૫ ના રોજ હર્ષદભાઈ પટેલને પોતાનો હિસ્સો ભાગીદાર તરીકે આપેલો તે મુજબનું લખાણ કરવામાં આવેલ અને આ બંને લખાણ નોટરી એમ. બી. પટેલ ને ત્યાં નોંધાવવામાં આવેલ. આમ હર્ષદભાઈએ એકતા વર્લ્ડ વિઝનનો કબજો મેળવ્યા પછી તેઓની તરફ બનાવટી દસ્તાવેજો ઉભા કરવામાં આવેલ વધુમાં તેઓ ફરિયાદમાં જણાવે છે કે તેઓનું એકતા વર્લ્ડ વિઝન જે મકાનમાં ચલાવવામાં આવતું હતું તેના માલિક હર્ષાબેન એ. ઠક્કર ના હતા. જેનો ગેરકાયદેસર કબજો હર્ષદભાઈ પટેલ ના હોય તારીખ ૨૯/૧૦/૨૦૦૫ ના દિવસે લઈ લીધેલું અને તેમાં બનાવટી અને ખોટા રીતે હકો ઉભા કરવા પાછળથી ભાડા ચિઠ્ઠીનો કરાર કરવામાં આવેલ. આ ભાડા ચિઠ્ઠી ના તા. ૧૫/૦૨/૨૦૦૫ ના દિવસે હર્ષાબેને કિરણ આટોદરિયાને દુકાન ભાડે આપેલ હોય તે મુજબનું લખાણ કરેલું. આમ આ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી ગુનો કર્યા મતલબની ફરિયાદ આપેલી છે.

હવે આ કામે સ્મિતાબેન અને કાદરભાઈ ભાગીદાર હતા તેવું દર્શાવવા માટે દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ છે. તેમજ ઈમ્તિયાઝ ભાઈ દ્વારા હર્ષદભાઈ પટેલ ને એકતા કેબલ વિઝનના ૨૦ ટકા હિસ્સો આપતો કરાર કરી આપેલ તે રજૂ કરવામાં આવેલ છે અને બાબુભાઈ પ્રજાપતિ દ્વારા તેઓનો હિસ્સો હર્ષદભાઈ પટેલ ને આપેલો તેવો કરાર રજૂ કરવામાં આવેલ છે. તેમજ આ બંને કરારમાં કે સહી કરનાર કાંતિલાલ શાહ તેમજ કિશોરસિંહ રતનસિંહ નાઓ દ્વારા પોલીસને આપેલ નિવેદન જોવામાં આવે તો તેઓ જણાવે છે કે એકતા વિઝનના માલિક તરીકે સ્મિતાબેન છે અને તેનું સંચાલન દિનેશભાઈ

ગોવિંદભાઈ કરતા હતા અને તેમાં કોઈપણ ની ભાગીદારી ન હતી તેમ છતાં હર્ષદભાઈ તથા બાબુભાઈ અને ઈમ્તિયાઝભાઈના કહેવાથી તેઓએ ખોટા વેચાણ કરારમાં સહી કરેલી તેવુ જણાવે છે અને આ કરારો રજુ કરવામાં આવેલા છે તેમાં આ આરોપીઓની સહી છે.

આમ ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો તથા કેસ નુ રેકર્ડ જોવામા આવે તો આરોપીઓ ઉપર કાર્યવાહી કરી શકાય તેટલો પ્રાથમિક પુરાવો જણાય છે. આથી હાલ ની અરજી સબંધે નીચે મુજબ નો હુકમ ફરમાવવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આથી આરોપી ની હાલ ની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૫ મી, ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત મા જાહેર કરવામા આવે છે.

**તા. ૦૫/૦૨/૨૦૨૬**
**માંગરોળ**

**(જે.એસ. પરમાર)**
**એડી. ચીફ જ્યુડીશીયલ મેજી.,**
**માંગરોળ, જી.સુરત.**
(**Code: GJ**01155)